Toronto District School Board

ડિસેમ્બર 21, 2020

પ્રિય માતાપિતા/વાલીઓ અને વિદ્યાર્થીઓ,

ઓન્ટારીયો સરકારે આજે જાહેર કર્યું કે કોવિડ -19 ના ફેલાવાને વધુ ધીમો કરવા માટે 26 ડિસેમ્બર શનિવારે પ્રાંત ગ્રે ઝોન (લોકડાઉન)માં જશે. ટોરન્ટો અને બાકીના દક્ષિણ ઓન્ટારીયોમાં, તે લોકડાઉન 28 દિવસ સુધી રહેશે. આ ઘોષણાના ભાગ રૂપે, સરકારે કહ્યું છે કે **TDSB માં સામેલ દક્ષિણ ઓન્ટારીયોની તમામ પ્રાથમિક શાળાઓ 11 જાન્યુઆરી, સોમવાર સુધી વિદ્યાર્થીઓ માટે બંધ રહેશે, જ્યારે તમામ માધ્યમિક શાળાઓ 25 મી જાન્યુઆરી, સોમવાર સુધી વિદ્યાર્થીઓ માટે બંધ રહેશે.** આ સમય દરમિયાન, બધી રૂબરૂમાં ચાલતી શાળાઓ દૂરસ્થ શિક્ષણ (રીમોટ લર્નિંગ)માં બદલાશે, જ્યારે વર્ચુઅલ શાળાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે.

TDSB શાળાઓમાં દૂરસ્થ શિક્ષણમાં આ બદલાવ વિશે વધારાની માહિતી માટે કૃપા કરીને નીચે જુઓ.

## પ્રાથમિક શાળાઓ

**રૂબરૂમાં ચાલતી શાળાઓ:** વિદ્યાર્થીઓ તેમના નિયમિત શાળાના શિક્ષક દ્વારા અપાનાર દૂરસ્થ શિક્ષણ પોતાના ઘરેથી પ્રાપ્ત કરશે. પ્રાથમિક શાળાઓ તેમના નિયમિત શાળા સમય-સારણી/સમયપત્રકનું પાલન કરશે. કેટલાક કિસ્સાઓમાં, નજીવી ગોઠવણો કરવાની જરૂર પડી શકે છે જે 4 જાન્યુઆરી, સોમવારે પરિવારોને જણાવવામાં આવશે.

**વર્ચ્યુઅલ શાળાઓ:** રાબેતા મુજબ સંચાલિત થવાનું ચાલુ રાખશે.

## માધ્યમિક શાળાઓ

**રૂબરૂમાં ચાલતી શાળાઓ:** માધ્યમિક શાળાઓ સમાયોજિત સમયપત્રકનું પાલન કરશે:

| સમય | **દિવસ 1** | **દિવસ 2** | **દિવસ 3** | **દિવસ 4** |
|---|---|---|---|---|
| **સવારે 8:45 – 10:00** | **અભ્યાસક્રમ 1**<br>Synchronous (સુમેળયુક્ત) | **અભ્યાસક્રમ 1**<br>Synchronous<br>(સુમેળયુક્ત) | **અભ્યાસક્રમ 2**<br>Synchronous<br>(સુમેળયુક્ત) | **અભ્યાસક્રમ 2**<br>Synchronous (સુમેળયુક્ત) |

| | | | | |
|---|---|---|---|---|
| સવારે<br>**10 થી 10:30** | **<u>અભ્યાસક્રમ 1</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) | **<u>અભ્યાસક્રમ 1</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) | **<u>અભ્યાસક્રમ 2</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) | **<u>અભ્યાસક્રમ 2</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) |
| સવારે<br>**10:30 થી 11:45** | **<u>અભ્યાસક્રમ 1</u>**<br><br>Synchronous (સુમેળયુક્ત) | **<u>અભ્યાસક્રમ 1</u>**<br><br>Synchronous (સુમેળયુક્ત) | **<u>અભ્યાસક્રમ 2</u>**<br><br>Synchronous (સુમેળયુક્ત) | **<u>અભ્યાસક્રમ 2</u>**<br><br>Synchronous (સુમેળયુક્ત) |
| સવારે **11:45** થી બપોરે **12:30** | **<u>અભ્યાસક્રમ 1</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) | **<u>અભ્યાસક્રમ 1</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) | **<u>અભ્યાસક્રમ 2</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) | **<u>અભ્યાસક્રમ 2</u>**<br><br>Asynchronous/<br><br>Independent Learning (અસુમેળયુક્ત/ સ્વતંત્ર શિક્ષણ) |
| બપોરે<br>**12:30 થી 1:10** | ભોજન | | | |
| બપોરે<br>**1:10 થી 2:00** | APA/PMA | | | |

| | | | | |
|---|---|---|---|---|
| બપોરે<br>**2:00 થી 3:15** | **અભ્યાસક્રમ 2**<br>Synchronous (સુમેળયુક્ત) | **અભ્યાસક્રમ 2**<br>Synchronous (સુમેળયુક્ત) | **અભ્યાસક્રમ 1**<br>Synchronous<br>(સુમેળયુક્ત) | **અભ્યાસક્રમ 1**<br>Synchronous<br>(સુમેળયુક્ત) |

*નોંધ: પીરિયડ 1ના વર્ગ સવારે 8: 45 વાગ્યાથી બપોરે 12:30 વાગ્યા સુધી ચાલતા રહેશે અને તેમાં સામેલ હશે 150 મિનિટ Synchronous Online Learning (સુમેળયુક્ત ઓનલાઇન શિક્ષણ) અને 75 મિનિટ Asynchronous/ Independent (અસુમેળયુક્ત/સ્વતંત્ર કાર્ય). શિક્ષકો સવારે 8:45 વાગ્યે Synchronous Online Learning (સુમેળયુક્ત ઓનલાઇન શિક્ષણ) સાથે પ્રારંભ કરશે. ઉપરના સમયપત્રકમાં સુનિશ્ચિત થયેલ Asynchronous (અસુમેળયુક્ત) સમય એ Asynchronous (અસુમેળયુક્ત) સમય કેવી રીતે સુનિશ્ચિત કરી શકાય તેનું ઉદાહરણ છે. Synchronous (સુમેળયુક્ત) અને Asynchronous (અસુમેળયુક્ત) સમય કેવી રીતે સુનિશ્ચિત કરવા તે નિર્ધારિત કરવા શિક્ષકો વ્યાવસાયિક નિર્ણયનો ઉપયોગ કરશે.*

**વર્ચ્યુઅલ શાળાઓ:** રાબેતા મુજબ સંચાલિત થવાનું ચાલુ રાખશે.

## એડવાન્સ અને એડલ્ટ ડે સ્કૂલ્સ

**રૂબરૂમાં ચાલતી શાળાઓ:** એડલ્ટ ડે સ્કૂલ્સ અને એડવાન્સ પ્રોગ્રામના વિદ્યાર્થીઓ આ ઓનલાઇન સમયપત્રકનું પાલન કરશે:

| | દિવસ 1 | દિવસ 2 | દિવસ 3 | દિવસ 4 |
|---|---|---|---|---|
| **પીરિયડ 1:**<br>**3 કલાક** | **1AB Synchronous (સુમેળયુક્ત)** | **1AB Synchronous (સુમેળયુક્ત)** | **2AB Synchronous (સુમેળયુક્ત)** | **2AB Synchronous (સુમેળયુક્ત)** |
| **પીરિયડ 2:**<br>**1 કલાક** | **2AB Synchronous (સુમેળયુક્ત)** | **2AB Synchronous (સુમેળયુક્ત)** | **1AB Synchronous (સુમેળયુક્ત)** | **1AB Synchronous (સુમેળયુક્ત)** |

| પીરિયડ 3: 2 કલાક | 3AB Synchronous (સુમેળયુક્ત) | 3AB Synchronous (સુમેળયુક્ત) | 3AB Synchronous (સુમેળયુક્ત) | 3AB Synchronous (સુમેળયુક્ત) |
|---|---|---|---|---|

દરેક શાળાના શરૂ થવાના સમય અને લંચના સમય એક સરખા રહેશે.

**વર્ચ્યુઅલ શાળાઓ:** રાબેતા મુજબ સંચાલિત થવાનું ચાલુ રાખશે.

## વૈકલ્પિક શાળાઓ / કાર્યક્રમો

**રૂબરૂમાં ચાલતી શાળાઓ:** જે શાળાઓ બોર્ડ દ્વારા વિકસાવવામાં આવેલ અનુકૂળ થાય એવા સમયપત્રક (જેમ કે વૈકલ્પિક શાળાઓ-કાર્યક્રમો, સમુદાયની સાઇટ્સ, ISP વગેરે)નો ઉપયોગ કરતી નથી તે શાળાઓ સ્થાનિક રીતે વિકસિત દૂરસ્થ સમયપત્રકને લાગુ કરશે.

**વર્ચ્યુઅલ શાળાઓ:** રાબેતા મુજબ સંચાલિત થવાનું ચાલુ રાખશે.

## વિશિષ્ટ શિક્ષણનાં સામુદાયિક સ્થળો

સામુદાયિક સ્થળો (નીચે સૂચિબદ્ધ) દૂરસ્થ શિક્ષણના સ્થાનિક રીતે વિકસાવાયેલા સમયપત્રકને લાગુ કરશે.

પ્રાથમિક સામુદાયિક સ્થળો: બેવરલી સ્કૂલ, લ્યુસી મેકકોર્મિક સિનિયર સ્કૂલ, સેનેકા સ્કૂલ, સની વ્યુ જુનિયર અને સિનિયર PS, પાર્કલેન PS, વિલિયમ જે. મેકકોર્ડિક સ્કૂલ

માધ્યમિક સામુદાયિક સ્થળો: સેન્ટ્રલ ઇટોબિકોક, ડ્રેવરી સેકન્ડરી સ્કૂલ, ફ્રેન્ક ઓકે, મેપલવુડ હાઇ સ્કૂલ, સર વિલિયમ ઓસ્લર, યોર્ક હમ્બર HS.

કૃપા કરીને નોંધ લેશો કે સૌથી નિર્બળ લોકોને બચાવવાના સરકારના પ્રયત્નોના ભાગરૂપે, સ્કૂલ બોર્ડ, જ્યાં શક્ય હશે ત્યાં, જેમને વિદ્યાર્થીઓની જરૂરિયાતોને આધારે દૂરસ્થ શિક્ષણમાં સમાવી નહીં શકાય એવા વિશિષ્ટ શિક્ષણની આવશ્યકતાવાળા વિદ્યાર્થીઓને, રૂબરૂમાં સમર્થન પૂરું પાડશે. જો તમને લાગે કે આની જરૂર પડી શકે એમ છે, તો કૃપા કરીને તમારા બાળકના આચાર્ય સાથે વાત કરો.

Toronto
District
School
Board

## બાળ-સંભાળ/વિસ્તૃત દિવસ કાર્યક્રમો

TDSB શાળાઓની અંદર શિશુ, નાના બાળક અને પ્રિ-સ્કુલ વયના બાળકોને સેવા આપતા તમામ બાળ-સંભાળ કાર્યક્રમોને લોકડાઉનના સમયગાળા દરમિયાન ખુલ્લા રહેવાની મંજૂરી આપવામાં આવશે, તેમ છતાં, માતાપિતા/વાલીઓએ તેમના વ્યક્તિગત બાળ-સંભાળ કાર્યકર સાથે વિગતોની પુષ્ટિ કરવી જોઈશે. જ્યારે શાળાઓ બંધ હોય, ત્યારે તમામ TDSB વિસ્તૃત દિવસ કાર્યક્રમો તથા શાળા પૂર્વેના અને પછીના કાર્યક્રમો પણ બંધ રહેશે.

## આગામી પગલાં

જ્યારે TDSBએ આ વર્ષે વિદ્યાર્થીઓને 70,000 થી વધુ ઉપકરણોનું વિતરણ કર્યું છે, ત્યારે અમે જાણીએ છીએ કે કેટલાક વિદ્યાર્થીઓને હજી પણ દૂરસ્થ શિક્ષણના આ સમયગાળા માટે ઉપકરણની જરૂર પડી શકે છે. એવા કિસ્સાઓમાં, તેની વ્યવસ્થા માટે પરિવારોને તેમની શાળા પુનઃ ખુલે ત્યારે તેનો સંપર્ક કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. કૃપા કરીને નોંધ લેશો કે ઉપકરણો ઉપલબ્ધતાના આધારે આપવામાં આવશે અને વિતરણ કરવામાં સમય લાગી શકે છે.

આજના સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે બધી શાળાઓ શિયાળાની રજાઓ પર છે, જે એક પડકાર રજૂ કરે છે કારણ કે હું જાણું છું કે તમારામાંથી ઘણાને આગામી પગલાંઓ વિશે પ્રશ્નો હોઈ શકે છે. રૂબરૂમાં ચાલતી શાળાઓ માટે, શિક્ષકો વધુ માહિતી પ્રદાન કરવા માટે જાન્યુઆરી 4, સોમવારે વિદ્યાર્થીઓ અને પરિવારો સાથે જોડાશે, એવી અપેક્ષા રખાય છે, કે દૂરસ્થ શિક્ષણ તરફ બદલાવાની તે પ્રમાણમાં ઝડપી પ્રક્રિયા છે. વર્ચુઅલ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે, 4 જાન્યુઆરી, સોમવારે રાબેતા મુજબ ભણવાનું ચાલુ રહેશે.

આમ તો અણધાર્યા નથી, પણ હું જાણું છું કે આ સમાચાર ઘણા લોકો માટે મુશ્કેલ હશે. હું તમને ખાતરી આપવા માંગું છું કે આપણે છેલ્લા 9 મહિનામાં દૂરસ્થ શિક્ષણ વિશે ઘણું શીખ્યા છીએ અને જ્યારે આગળ પડકારો હોઈ શકે છે, ત્યારે આ બદલાવ શક્ય તેટલો સરળ સુનિશ્ચિત કરવા અમે અમારા વિદ્યાર્થીઓ અને પરિવારોને સમર્થન આપીશું.

આભાર સહ,

K. Witherow

Kathy Witherow
ઇન્ટેરિમ ડિરેક્ટર ઓફ એજ્યૂકેશન